RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 280, Dt.15-01-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીઃ સેન્સેક્સ ૭૩૦૦૦ને આંબ્યો




## નિફટી ૨૨૦૦૦ને પારઃ એચસીએલ અને વિપ્રોના ઉત્કૃષ્ઠ પરિણામો બાદ શેરબજારનો પતંગ આકાશને આંબ્યોઃ પસંદગીના હેવીવેઈટ શેરોમાં ઓલરાઉન્ડ લેવાલીઃ મીડ કેપ તેમજ સ્મોલ કેપમાં પણ લાવ-લાવ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીનો દોર જારી રહ્યો હતો અને ઓલરાઉન્ડ ધૂમ લેવાલીના પ્રભાવથી સેન્સેકસ ૭૩૦૦૦ તથા નિફટી ૨૨૦૦૦ને પાર કરી ગયા હતા. શેરબજારમાં આજે માનસ તેજીનું બની રહ્યું હતું.

વિશ્વબજારના પોઝીટીવ ટ્રેન્ડની સારી અસર હતી. નાણાંસંસ્થાઓની ધૂમ લેવાલી, ભારતીય અર્થતંત્રનો વિશ્વસ્તરે ડંકો, કોર્પોરેટ કંપનીઓના અફલાતૂન પરિણામો જેવા કારણો તેજીનો ટેકારૂપ બન્યા હતા. મોંઘવારીમાં વૃદ્ધિ, ઔદ્યોગીક ઉત્પાદન દર નીચો આવવા જેવા કારણોને ડીસ્કાઉન્ટ કરી દેવામાં આવ્યા હતા.

જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ચુંટણી પુર્વે આગામી ૧લી ફેબ્રુઆરીએ રજુ થનારા વચગાળાના બજેટમાં ઉદ્યોગલક્ષી સુધારા જાહેર થવાના તથા અર્થતંત્રને વેગ આપતી ઈન્ફ્રાસ્ટ્રકચર સહિતના સરકારી ખર્ચમાં વધારો સુચવતી દરખાસ્તો થવાના આશાવાદની સારી અસર હતી. માર્કેટ પોઝીટીવ ઝોનમાં જ હોવાના કારણોસર ઈન્વેસ્ટરો સહિતના વર્ગોનુ જંગી રોકાણ ઠલવાતુ જ રહ્યું છે.શેરબજારમાં આજે પસંદગીના હેવીવેઈટ શેરોમાં ઓલરાઉન્ડ લેવાલી હતી. સતત બીજા દિવસે આઈટી-સોફ્ટવેર શેરો મેદાન મારી ગયા હતા. લાર્સન, મારૂતી, નેસલે, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટીસીએસ, ટેક મહીન્દ્ર, ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, વીપ્રો, ભારતી એરટેલ, એચસીએલ ટેકનો, એચડીએફસી બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક જેવા શેરોમાં ઉછાળો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૭૩૦૦૦ને પાર થઈને નવી ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો હતો. સેન્સેકસ ૪૮૯ પોઈન્ટ ઉંચકાઈને ૭૩૦૫૭ સાંપડયો હતો જે ઉંચામાં ૭૩૨૮૮ તથા નીચામાં ૭૨૯૦૯ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૧૮ પોઈન્ટના ઉછાળાથી ૨૨૦૧૩ સાંપડયો હતો જે ઉંચામાં ૨૨૦૮૧ તથા નીચામાં ૨૧૯૬૩ થયો હતો.

# કામદારો માટે લઘુતમ વેતનમાં વધારો કરવા સરકારની તૈયારી

## હાલના રૂા.૧૭૬ પ્રતિદિન વેતનમાં ૫૦ ટકાનો વધારો કરાઈ તેવી સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં કામદારો તથા ખાસ કરીને અસંગઠીત ક્ષેત્રમાં કામ કરતા લોકો માટેની લઘુતમ વેતનની જોગવાઈઓ આગામી દિવસોમાં વધારાની તૈયારી છે. સરકાર આ વિશ્રામ વર્ગને ચૂંટણી ભેટ આપવા માંગે છે અને હવે હાલ જે લઘુતમ વેતન માટે રૂા.૧૭૬નો લઘુતમ દર છે તે વધારીને ૨૦૨૧માં કેન્દ્રની મોદી સરકારે આ માટે મુખરજી કમીટીની નિયુક્તિ કરી હતી. તેનો રીપોર્ટ હવે સરકારે સુપ્રત થશે અને હાલ જે ફુગાવો સતત ઉંચો જઈ રહ્યો છે તેને આધાર લઈને લઘુતમ વેતન દર વધારાને અને આગામી માસમાં રજુ થનારા બજેટમાં કે પછી તેની અલગથી જાહેરાત થશે.



કમીટીની આખરી બેઠક આ માસમાંજ મળનાર છે. લઘુતમ વેતન ધારાની જોગવાઈ તમામ રાજયો માટે બંધનકર્તા છે અને તે ખાસ કરીને અસંગઠીત ક્ષેત્રમાં કામ કરતા કરોડો કામદારોને લાગુ કરાય છે. રાજયો તેમાં સમયાંતરે ફુગાવાની સ્થિતિ મુજબ ફેરફાર કરતી રહે છે. દેશમાં અસંગઠીત ક્ષેત્રમાં કામદારોની સંખ્યા સૌથી વધુ છે જે બાર્ગેનીંગ પાવર ધરાવતા નથી. અત્યાર સુધી આ લઘુતમ વેતન ધારાનો અમલ ફરજીયાત ન હતો પણ હવે થયું જે લઘુતમ વેતન નિશ્ચિત થશે તે તમામ રાજયો માટે અમલ કરવો ફરજીયાત હશે.

વાસ્તવમાં ૨૦૧૯માં જ અનુપ સતપથી કમીટીએ લઘુતમ વેતન રૂા.૩૭૫ (દૈનિક) કરવાની ભલામણ કરી હતી પણ તેનો અમલ થયો નહી અને હવે મુખરજી કમીટીની ભલામણો પર સરકાર નિર્ણય લેશે.

હવે નવી કમીટી હાલના રૂા.૧૭૬ અને સતપથી કમીટીએ જે રૂા.૩૭૫ના દૈનિક લઘુતમ પંચની ભલામણ કરી હતી તેની વચ્ચેનો કોઈ આંકડા પર જશે. વાસ્તવમાં ખરેખર ફુગાવાના દરની અસર આ લઘુતમ વેતનમાં પ્રતિબંધીત થતી નથી અને તેનો અમલ પણ પુરી રીતે થતો નથી.

# ગાંધીનગરના લિહોડા ગામે શંકાસ્પદ ઝેરી પીણું પીધા બાદ બેના મોતઃ ૩ ગંભીર

## લઠ્ઠાકાંડની સંભાવનાઃ મકર સંક્રાંતિની રાત્રે ઝેરી પ્રવાહી પીધા બાદ એકાએક તબિયત લથડી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતના પાટનગર ગાંધીનગર જીલ્લાનાં લીહોડા ગામે શંકાસ્પદ ઝેરી પીણુ પીધા બાદ બે લોકોના મોત નીપજયા હતા. જયારે અન્ય ત્રણની હાલત ગંભીર બની હતી. આ ઘટનાને પગલે લઠ્ઠાકાંડની ચર્ચા જાગી હતી. જોકે એફએસએલ રીપોર્ટમાં દેશી-દારૂમાં મિથેનોલ ન હોવાનું સ્પષ્ટ થતા લઠ્ઠાકાંડની વાત નકારવામાં આવી છે.જીલ્લા પોલીસ વડા સહીતનો કાફલો લીહોડા ગામે પહોંચ્યો હતો અને દારૂ વેંચનારાઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.



દારૂબંધી ધરાવતા ગુજરાતમાં છુટ્ટથી દારૂ વેંચાતો હોવાનું જગજાહેર છે. થોડા વખત પૂર્વે બોટાદમાં લઠ્ઠાકાંડ સર્જાયો હતો.હવે ગાંધીનગર જીલ્લાનાં દહેગામ તાલુકાના લીહોડા ગામે આવી ઘટના બન્યાની શંકા વ્યકત થઈ રહી છે. દેશી દારૂ પીધા બાદ કાનાજી ઉમેદજી ઝાલા તથા વિક્રમસિંહ રગતસિંહ ઝાલા નામના ૩૫ વર્ષનાં બે યુવાનોનાં મોત નીપજયા હતા જયારે અન્ય સાત લોકોની તબીયત લથડતા સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.આ સાત પૈકી ત્રણની હાલત ગંભીર ગણાવવામાં આવી રહી છે.એવુ બહાર આવ્યું છે કે મકર સંક્રાતિની રાત્રીએ આ લોકોએ દેશી દારૂ શંકાસ્પદ પ્રવાહી પીધુ હતું અને ત્યારબાદ અચાનક તબીયત બગડવા લાગી હતી.

# આગામી તા.૨૦ જાન્યુઆરી બાદ બહારના લોકોને અયોધ્યામાં પ્રવેશવા પર રોકઃ લેવાયો મોટો નિર્ણય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૦ જાન્યુઆરીથી રામનગરી અયોધ્યામાં બહારના લોકોને પ્રવેશ નહીં મળે. અયોધ્યા ધામ અને શહેરમાં રહેનારા લોકોને તેમના ઘર સુધી પહોંચવાની મંજૂરી આપવામાં આવશે. જોકે આ માટે તેમને ઓળખ પત્ર બતાવવું પડશે. અયોધ્યા ધામમાં રહેતા લોકોને પોલીસ તંત્રએ ૨૧ અને ૨૨ જાન્યુઆરીએ ન નિકળવાની અપીલ કરી છે. અયોધ્યા શહેરમાં ફક્ત એ જ લોકો પ્રવેશ કરી શકશે, જેમને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ તરફથી આમંત્રણ મળ્યું છે અથવા તે શહેરના રહેવાસી છે.

૨૦ થી ૨૨ જાન્યુઆરી સુધી અયોધ્યા ધામ હાઈ સિક્યોરિટી ઝોનમાં રહેશે. રામનગરીની તમામ બોર્ડર સીલ રહેશે. ૨૦ જાન્યુઆરીથી જ અયોધ્યા ધામમાં બહારના વાહનોને પ્રવેશ ન આપવાની તૈયારી છે. આ વાહનોને ઉદયા ચોક, સાકેત પેટ્રોલ પંપ, નવા ઘાટ સહિત અન્ય એન્ટ્રી પોઈન્ટ પર રોકવામાં આવશે. માત્ર અયોધ્યા ધામમાં રહેતા લોકોને તેમના ઘર સુધી જવાની છૂટ અપાશે. જિલ્લાના અન્ય વિસ્તારોથી અયોધ્યા કેન્ટ



વિસ્તારમાં આવનારા લોકોને શહેરમાં નહીં રોકવામાં આવે. તો તંત્ર તરફથી જાહેર કરાતા ડાયવર્ઝન પ્લાનનું પાલન કરીને શહેરના ડેસ્ટિનેશન સુધી જઈ શકશે.

અયોધ્યા પોલીસ કમિશ્નર પ્રવીણ કુમારે કહ્યું કે, અયોધ્યા ધામમાં ૨૦ જાન્યુઆરીથી માત્ર સ્થાનિક લોકોને પ્રવેશ મળશે. ફૈઝાબાદ શહેરમાં ડાયવર્ઝન સિવાય અન્ય માર્ગો પર લોકો જઈ શકશે. ડાયવર્ઝન પ્લાન શેર કરી દેવાશે. અયોધ્યાવાસી યજમાનની ભૂમિકામાં છે. તેમને અપીલ છે કે, મહેમાનોને કોઈ તકલીફ ન થાય, એટલા માટે તેઓ સહયોગ કરે. ૨૧ અને ૨૨ જાન્યુઆરીએ ન નીકળે.

પ્રાણ પ્રતિષ્ઠા ૨૨ જાન્યુઆરીએ થશે, જેના કારણે સામાન્ય નાગરિકો ૨૦ જાન્યુઆરીથી ત્રણ દિવસ સુધી રામલલાના દર્શન કરી શકશે નહીં. જણાવી દઈએ કે આ સિસ્ટમ માત્ર સામાન્ય લોકો માટે જ નહીં પરંતુ તમામ રાજ્યોના રાજ્યપાલો, મુખ્યમંત્રીઓ અને રાજદૂતો વગેરે માટે પણ ઉપલબ્ધ હશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે અપીલ કરી છે કે પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે રાજ્યપાલ, મુખ્યમંત્રી અને રાજદૂતો જેવા પ્રોટોકોલ વીવીઆઈપીઓએ અયોધ્યા ન આવવું જોઈએ.

રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ દરમિયાન જેમને આમંત્રણ છે તે લોકોને મંદિર પરિસરમાં કોઈપણ પ્રકારની ઈલેક્ટ્રોનિક વસ્તુ લઈ જવા દેવામાં નહીં આવે. આ સમયગાળા દરમિયાન મોબાઈલ-ઈલેકટ્રોનિક ઘડિયાળ, લેપટોપ, કેમેરા વગેરે લઈ જવા પર સખત પ્રતિબંધ છે. જે લોકો આ નિયમ તોડશે તેમના વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી પણ થઈ શકે છે.

આ સાથે બેલ્ટ અથવા જૂતા પહેરીને મંદિરની અંદર પ્રવેશ નહીં મળે. આ સાથે કોઈપણ પ્રકારના ખાદ્યપદાર્થો સાથે મંદિર પરિસરમાં પ્રવેશ નહીં આપવામાં આવે. આ સમયગાળા દરમિયાન, ઘરના ખોરાકથી લઈને ફાસ્ટ ફૂડ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. તો પર્સ, ઈયરફોન અથવા રિમોટ સાથેની કોઈ વસ્તુ હોય તો તમારે તેને પ્રવેશ દ્વાર પર છોડી દેવું પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવશે.

૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામલલાની પ્રાણપ્રતિષ્ઠા થવાની છે. ત્યારબાદ ૨૩ જાન્યુઆરીએ તમામ શ્રદ્ધાળુઓ દર્શન કરી શકશે. ટ્રસ્ટ એ સુનિશ્ચિત કરવાનું વિચારી રહ્યું છે કે કોઈ પણ ભક્ત દર્શન કર્યા વિના પાછા ન ફરે. ભીડના કિસ્સામાં રામલલાનો દરબાર ૧૫ થી ૧૮ કલાક સુધી ખુલ્લો રહી શકે છે. અયોધ્યામાં એક કાર્યક્રમ દરમિયાન રામમંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે કહ્યું હતું કે, લોકોએ ૨૬મી જાન્યુઆરી પછી જ મંદિરમાં દર્શન માટે આવવું જોઈએ. ટ્રસ્ટના જનરલ સેક્રેટરીએ ખાતરી આપી હતી કે જ્યાં સુધી બધા જ લોકો દર્શન કરી લેશે નહીં, ત્યાં સુધી મંદિરના કપાટ ખુલ્લા રહેશે, પછી ભલે રાતના ૧૨ કેમ વાગ્યા ન હોય. જોકે, લોકો નારાજ થશે કે બાળકને આટલી રાત સુધી કેમ જગાડી રાખ્યું છે.

# ભારત પોતાના સૈનિકો ૧૫ માર્ચ સુધીમાં પરત ખેંચેઃ માલદીવના રાષ્ટ્રપતિએ બતાવ્યો અસલી રંગ

**મુખ્ય સમાચાર, માલદીવ**

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ ફરી એકવાર ફરી પોતાનો અસલી રંગ દેખાડ્યો છે. ચીનથી પરત ફરતાની સાથે જ મુઈઝુએ કહ્યું છે કે ભારતે ૧૫ માર્ચ પહેલા માલદીવમાંથી પોતાની સેના હટાવી લેવી જોઈએ. અગાઉ, તેમણે કોઈનું પણ નામ લીધા વિના કહ્યું હતું કે અમારી પર દાદાગીરી કરવાનું લાયસન્સ અમે કોઇને આપ્યું નથી.



છેલ્લા ઘણા સમયથી માલદીવમાં ભારતીય સેનાની નાની ટુકડી તૈનાત છે. માલદીવની અગાઉની ભારત તરફી કુણુ વલણ રાખવાવાળી સરકારની વિનંતી પર ભારત સરકારે ત્યાં પોતાના સૈનિકો તૈનાત કર્યા હતા. ભારતીય સેનાની ટુકડીને માલદીવમાં દરિયાઈ સુરક્ષા અને આપત્તિ રાહત કામગીરીમાં મદદ કરવા માટે તૈનાત કરવામાં આવી છે.

ગયા વર્ષે નવેમ્બરમાં માલદીવના રાષ્ટ્રપતિ કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે તેમના દેશને આશા છે કે ભારત લોકોની લોકતાંત્રિક ઇચ્છાનું સન્માન કરશે.

મુઈઝુ ચીનની પાંચ દિવસની મુલાકાતેથી શનિવારે જ સ્વદેશ પરત ફર્યા હતા. માલદીવ પહોંચતાની સાથે જ તેમણે કહ્યું હતું કે અમારો દેશ નાનો હોવા છતાં કોઈની પાસે અમારી પર દાદાગીરી કરવાનું લાયસન્સ નથી. જો કે, મુઈઝુએ કોઈનું નામ લઈને સીધું આ નિવેદન આપ્યું નથી. પરંતુ એવું માનવામાં આવે છે કે તેમનું નિશાન ભારત તરફ છે.

ચીન તરફી ગણાતા મુઈઝુએ તેમની પાંચ દિવસની ચીન મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરી હતી. તેમની મુલાકાત એવા સમયે થઈ જ્યારે માલદીવ સરકારના ત્રણ પ્રધાનોને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ મામલે ભારત અને માલદીવ વચ્ચે રાજદ્વારી વિવાદ વધી રહ્યો છે.

# લોકસભા ચૂંટણીમાં ભાજપ બનશે સૌથી મોટી પાર્ટી, પરંતુ બેઠકોમાં થશે ઘટાડોઃ શશિ થરૂરનો મોટો દાવો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે સત્તાધારી પાર્ટી ભાજપે આગામી સામાન્ય ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી બનવવાની ભવિષ્યવાણી કરી છે. શનિવારે કેરળ સાહિત્ય સમારોહમાં કોંગ્રેસ નેતા શશિ થરૂરે દાવો કર્યો કે, ભાજપને ગત વખત કરતા ઓછી બેઠકો મળશે, પરંતુ તેમની બેઠકોની સંખ્યા ઓછી હશે. તેમણે કહ્યું કે, લોકસભા ચૂંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી બનીને ઉભરશે. પરંતુ તેમની બેઠકોમાં ઉલ્લેખનીય ઘટાડો આવશે. તેવામાં ગઉઅ પક્ષોનો ભાજપ પરથી વિશ્વાસ ઓછો થશે. એવું પણ બની શકે છે કે ભાજપના સહયોગીના બદલે વિપક્ષી ગઠબંધનનું સમર્થન કરે.




PTIના અનુસાર, થરૂરે કહ્યું કે જો 'INDIA' ગઠબંધન રાજ્યોમાં બેઠક વહેંચણીની સમજૂતી યોગ્ય કરી લે છે તો વિપક્ષને હારથી બચાવી શકાય છે. તેમણે કહ્યું કે કેરળમાં CPI (M) અને કોંગ્રેસ માટે બેઠક વહેંચણીની સમજૂતી પર સહમત થવું મુશ્કેલ છે.

કોંગ્રેસ નેતાએ કહ્યું કે, કેરળમાં આ કલ્પના કરવું લગભગ અસંભવ છે કે 'INDIA' ગઠબંધનના બે મુખ્ય પ્રતિસ્પર્ધી એટલે CPI (M) અને કોંગ્રેસ ક્યારેક બેઠક વહોંચણી પર સહમત થાય. જોકે, તામિલનાડુમાં CPI, CPI (M), કોંગ્રેસ અને DMK તમામ ગઠબંધન કરી રહ્યા છે અને ત્યાં કોઈ વિવાદ નથી.

૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ વાળા NDAએ ૩૫૨ બેઠકો જીતી હતી અને હવે ગઠબંધનનું લક્ષ્ય ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં ૪૦૦નો આંકડો મેળવવાનું છે. કોંગ્રેસ અને ૨૭ અન્ય વિપક્ષી દળોએ ભાજપના રથને પડકાર આપવા માટે ગઠબંધન બનાવ્યું છે. જોકે, 'INDIA' ગઠબંધન અનેક રાજ્યોમાં બેઠક વહેંચણી પર વાતચીત કરી રહ્યા છે. અનેક રાજ્યોમાં ગઠબંધન સહયોગીઓ વચ્ચે સમજૂતી મુશ્કેલીઓ થઈ રહી છે, કારણ કે રાજનીતિક પ્રતિસ્પર્ધી રહ્યા છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનો દાવો છે કે, બંગાળ ભાજપને માત્ર ઝખઈ જ હરાવી શકે છે. તેમણે સંકેત આપ્યા છે કે, તેઓ રાજ્યમાં બેઠક શેર કરવા વિરૂદ્ધ છે. એવું જ કંઈક પંજાબ અને દિલ્હીમાં પણ છે, જ્યાં અરવિંદ કેજરીવાલ કોંગ્રેસને વધુ બેઠકો આપવાના મૂડમાં નથી. મહારાષ્ટ્રમાં પણ હજુ સુધી કોઈ વાત નથી બની શકી.

# મણિપુરથી કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા શરૂ, રાહુલ ગાંધીએ ભાજપ પર કર્યા આકરા પ્રહાર

## મણિપુરના થૌબલ જિલ્લાથી કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા શરૂ કરવામાં આવી

**મુખ્ય સમાચાર, મણિપુર**

મણિપુરથી કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા શરૂ કરવામાં આવી હતી. આ અવસર પર યાત્રાને સંબોધતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે 'આજ સુધી દેશના વડાપ્રધાનને મણિપુર જવાનો સમય મળ્યો નથી. મોદીજી, ભાજપ અને આરએસએસ માટે કદાચ મણિપુર ભારતનો ભાગ નથી.'



મણિપુરમાં કોંગ્રેસના નેતાઓની ફ્લાઈટ મોડી પડી હતી જેના માટે રાહુલ ગાંધીએ માફી માંગી હતી. ભારત જોડો ન્યાય યાત્રાના પ્રારંભ પ્રસંગે રાહુલ ગાંધીએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે '૨૯ જૂન બાદ મણિપુરમાં શાસનનું પાયાનું માળખું ભાંગી પડ્યું છે. આખા રાજ્યમાં નફરત ફેલાઈ છે. અમે નફરતને ખતમ કરવાની અને ભારતને એક સાથે બાંધવાની વાત કરી છે.'

મણિપુરના થૌબલ જિલ્લાથી કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ લીલી ઝંડી બતાવીને ભારત જોડો ન્યાય યાત્રાની શરૂઆત કરી છે. આ કાર્યક્રમમાં સલમાન ખુર્શીદ, રાજીવ શુક્લા, આનંદ શર્મા, રણદીપ સિંહ સુરજેવાલા, અશોક ગેહલોત, અભિષેક મનુ સિંઘવી, ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા, સચિન પાયલટ, દિગ્વિજય સિંહ, પ્રમોદ તિવારી સહિત લગભગ ૭૦ લોકોએ હાજર રહ્યા હતા.

ભારત જોડો ન્યાય યાત્રા ૬૭ દિવસ સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન ૬૭૧૩ કિલોમીટરનું અંતર કાપી ૨૦ માર્ચે આ યાત્રા મુંબઈમાં સમાપ્ત થશે. આ દરમિયાન ૧૫ રાજ્યોના ૧૧૦ જિલ્લાને આવરી લેવાશે.

# ટંકારાના લજાઈ ખાતે નિર્માણ પામેલ ઉમિયા માનવ મંદિરનું રામ મંદિરની સાથોસાથ થશે લોકાર્પણ

## ઉમિયા માનવ મંદિરના લોકાર્પણ પ્રસંગે સંતો-મહંતો અને સમાજ શ્રેષ્ઠીઓ હાજરી આપશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના લજાઈ પાસે ભીમનાથ મહાદેવના સાનિધ્યમાં મોરબી જિલ્લાના કડવા પાટીદાર પરિવારના ૨૭૪ જેટલા નિરાધાર દરિદ્રનારાયણનો માટે ચોથી જુલાઈ - ૨૦૧૯ થી એેસી જેટલા રૂમ ધરાવતું ફાઈવ સ્ટાર હોટેલ જેવી સુવિધાઓ વાળું ઉમિયા માનવ સેવા ટ્રષ્ટ દ્વારા ઉમિયા માનવ મંદિર નિર્માણાધિન હતું.જેમાં દરેક રૂમમાં એ.સી.પ્રાર્થના હોલ પણ એસી જેમાં વડીલોને સત્સંગ કથા સાંભળવા માટે મોટી એલઈડી સ્ક્રીન,અન્નપૂર્ણા હોલમાં વડીલોને ભાવતા ભોજન પ્રસાદ માટેની વ્યવસ્થા,બે લાખ લિટર વરસાદી પાણીનો સંગ્રહ કરી દરિદ્રનારાયણનોને પીવા માટેની બેનમૂન વ્યવસ્થા,કેમ્પસમાં જ ઉગાડેલા વાવેલા શાકભાજી, ફળ-ફ્લાદી પુરા પડવાની





વ્યવસ્થા તેમજ કેમ્પસની ગૌશાળામાંથી જ છાસ,ઘી,દૂધ વગેરે પુરા પડવાની ઉત્તમ વ્યવસ્થા,પાંચ હજાર વૃક્ષો ધરાવતું,સરોવરના કિનારે ત્રીસ વિઘા જમીનમાં પંદર કરોડ રૂપિયાથી વધુ બજેટમાં તૈયાર થયેલા ઉમિયા માનવ મંદિરમાં કડવા પાટીદાર પરિવારના ૨૭૪ જેટલા દરિદ્રનારાયણોની સંતો,મહંતો સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓની ઉપસ્થિતમાં અયોધ્યા ખાતે મંદિરમાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠાની સાથે સાથે ઉમિયા માનવ મંદિરમાં દરિદ્રનારાયણોની પધરામણી આગામી ૨૨,મી જાન્યુઆરી- ૨૦૨૪ ના રોજ થવાની છે. આ પંચામૃત સમારોહમાં માનવ મંદિર ઉમભવન,અન્નપૂર્ણા ભવન, પાટીદાર પાર્ટીપ્લોટનું લોકાર્પણ અને દાતાઓનું ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવશે,આ સમારોહના અધ્યક્ષ બાબુલાલ જમનાદાસ પટેલ પ્રમુખ ઉમિયાધામ ઉંઝા,દિપ પ્રજ્વલન ડી.એલ.રંગપરિયા મુખ્ય દાતા માનવ મંદિર,ઉમા ભવન,પાટીદાર પાર્ટીપ્લોટ દ્વારા થશે.ઉંઝા અને સિદસર ધામના સમાજ શ્રેષ્ઠીઓ મુખ્ય મહેમાન રહેશે.સતધામના સતશ્રી, સ્વામી પ્રેમપ્રકાસદાસજી સંસ્કારધામ-મોરબી, સંતશ્રી દામજી ભગત,સંતશ્રી સોહમદતબાપુ ભીમનાથ મંદિર વગેરે આશીર્વચન આપવા પધારશે,મોરબી પંથકની અગ્રણી રાજકીય હસ્તીઓ,ઉદ્યોગકારો એસોસિએશનના હોદેદારો, સમાજના શ્રેષ્ઠીઓ,પાટીદાર સંસ્થાઓના સૂત્રધારો ઉપસ્થિત રહેશે એમ ઉમિયા માનવ સેવા ટ્રષ્ટના પ્રમુખ પોપટભાઈ કગથરા ઉપપ્રમુખ ગોપાલભાઈ ચારોલાની યાદીમાં જણાવાયું છે.

# મોરબીમાં પતંગ સ્ટોલના ગોડાઉનમાંથી ઘાતક ચાઈનીઝ દોરીની પાંચ ફીરકી સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મકરસંક્રાતિના દિવસે મોરબી શહેરની મધ્યમાં આવેલ નગર દરવાજા ચોક નજીક પૂનમ કેસેટ પાસે ફેન્સી પતંગ નામના ગોડાઉનમાંથી પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના પાંચ ફીરકા સાથે આરોપી રિયાઝઅહેમદ હુસેનભાઇ કલાડીયા ઉવ.૩૨ રહે.માધાપર શેરી નં.૦૬ મોરબીને ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે આરોપી પાસેથી પ્રતિબંધિત ઘાતક ચાઈનીઝ દોરીના ફીરકાનો મુદામાલ કબ્જે કરી મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ આઇપીસી કલમ તથા જીપી એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના ટીકર ગામે તાજું જન્મેલ મૃત નવજાત બાળક મળી આવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ટીકર ગામે ઢસી રોડ પ્લોટ વિસ્તાર પાસેથી તાજું જન્મેલ બાળક મળી આવતા નાના એવા ગામમાં ચકચાર મચી જવા પામ્યો છે. હાલ બનાવ અંગે ગ્રામજનોએ પોલીસને જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે આવી મૃત નવજાત બાળકનો કબ્જો લઇ ત્યજી દીધેલ તાજા જન્મેલ બાળકની અજાણી મહિલા(માતા)વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.



મળતી માહિતી મુજબ ગત તા.૧૩/૦૧ ના રોજ હળવદ તાલુકાના ટીકર ગામે ઢસી જવાના રસ્તે પ્લોટ વિસ્તારમાં ખુલ્લી જગ્યામાંથી તાજું જન્મેલ મૃત બાળક મળી આવતા ગામના લોકોનું ટોળું એકઠું થઇ ગયું હતું. ત્યારે લોકોએ તાજું જન્મેલ મૃત નવજાત બાળકને ત્યજી દેનાર માતા ઉપર ફિટકાર વરસાવી હતી. આ સાથે ઘટનાની જાણ થતા હળવદ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી મૃત નવજાત બાળકનો કબ્જો મેળવી અજાણી સ્ત્રી(માતા)વિરુદ્ધ ગુન્હો નોંધી મૃત જન્મેલ બાળકને મૃત હાલતમાં ત્યજી દેનાર માતાને શોધવા તપાસ હાથ ધરી છે.

# જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકાના ૧૮ ગામોના પશુઓ માટે યોજાયો આરોગ્ય કેમ્પ: ૮૦૫૫ પશુઓની કરાઈ ચકાસણી

**મુખ્ય સમાચાર, ઈશ્વાસ કલાણીયા**

ભારતનાં અર્થતંત્રમાં દૂધ ઉત્પાદન એ એક આગવા વ્યવસાય તરીકે સ્વિકારવામાં આવ્યો છે. એમા પણ ગુજરાતમાં પશુધન વ્યવસ્થાપન અને પશુ ઉછેર ખૂબ જ મહત્વ ધરાવે છે જેને ધ્યાને લઇને જીએચસીએલ ફાઉન્ડેશન છેલ્લા દસ વર્ષથી પોતાના સી.એસ.આર કાર્યક્ષેત્રની આસપાસનાં ગામોમાં પશુધનને લઇને સાથે જોડાયેલા ખેડુતો સાથે પશુ ધન માટે જરૂરી માહિતી, માર્ગદર્શન તેમજ પશુ આરોગ્યને લઇને અલગ અલગ પ્રવૃત્તી કરી રહ્યુ છે. ખાસ કરીને જીએચસીએલ દ્વારા દર વર્ષે રાજુલા, જાફરાબાદ અને ખાંભા વિસ્તાર આસપાસનાં ગામોમાં પશુ આરોગ્ય ચકાસણી અને કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે સંદર્ભમાં આ વર્ષે પણ સંસ્થા દ્વારા ૧૮ ગામોમાં પશુ આરોગ્ય કેમ્પ યોજવામાં આવ્યા હતા જેમાં, કુલ ૫૬૧ લાભાર્થીઓનાં ગાય, ભેંશ, બકરા, ઘેંટા તેમજ બળદ



જેવા અલગ અલગ પશુઓ મળીને કુલ ૮૦૫૫ પશુઓની નિષ્ણાંત પશુ ડોકટર દ્વારા તપાસ કરવામાં આવી હતી અને જરૂરીયાત મુજબ નિ:શુલ્ક દવાઓ પણ પુરી પાડવામાં આવી હતી આ ઉપરાંત ગીર ગાયનું કૃત્રિમ બીજદાન પણ કરવામાં આવ્યુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા પશુપાલકોને ઓછા ખર્ચે વધુ દુધ ઉત્પાદન મળી રહે તે અર્થે લોક ભાગીદારી સાથે પશુઓ માટે ન્યુટ્રીશન કીટ, ઇતડની દવા, કૃમીની દવા, કેલ્શ્યમ પાઉડર, પશુ માટે ઘાસચારાનું બિયારણ વિગેરે પુરૂ પાડવામાં આવે છે. જીએચસીએલ દ્વારા આયોજીત આ કેમ્પને સફળ બનાવવા દરેક ગામોમાં પંચાયત પ્રતિનિધિ ગ્રામ્ય આગેવાનો, ગૌ શાળા સંચાલકો, સરકારી અધિકારીઓ અને અન્ય સેવાભાવી સંસ્થાઓએ ખૂબ જ સહકાર આપેલો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન જીએચસીએલનાં સી.એસ.આર ડેપ્યુટી મેનેજર શ્રી રમેશ મકવાણાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત સી.એસ.આર ટીમમાંથી રવિ સોલંકી, લક્ષ્મણ નાઘેરા, જીવા મોરી, જીતુ કીડીયા અને પશુ નિષ્ણાંત ડોકટર શ્રી કશ્યપ ત્રીવેદી અને ડો. ભાવીન મહેતા એ સતત એક માસ સુધી કેમ્પ માટે જહેમત ઉઠાવેલ.

# જામનગરમાં પોલીસ હેડ કવાર્ટર ખાતે મકરસંક્રાંતિ ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર માં પોલીસ હેડ કોટર ખાતે જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ પતંગ ચગાવ્યો હતો ત્યારે ખાસ ઉત્તરાયણ પર્વની પોલીસ હેડ ક્વાર્ટર ખાતે જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ ડીવાયએસપી ડીપી વાઘેલા સહિતના પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા અને મકરસંક્રાંતિ ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ હતી.પોલીસ હેડ ક્વાર્ટર ખાતે જિલ્લા પોલીસ દ્વારા પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લાના પોલીસ અધિકારીઓ કર્મચારીઓ અને પરિવાર સાથે પતંગ ચગાવી પતંગ ઉત્સવમાં જોડાયા હતા અને ઉતરાયણ પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાઈ હતી.

# ઝુપડપટ્ટીના બાળકોને પતંગ-દોરાનું વિતરણ કરતું મોરબીનું યંગ ઈન્ડિયા ગ્રુપ

## લૂંટવાનો નહિ, પરંતુ લૂંટાવવાનો આનંદ, મેળવાનો નહિ આપવાનો આનંદ, બીજાની ખુશીમાં જ આપણી ખુશી હોવાના ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને ઉજાગર કર્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં સમાજસેવાથી રાષ્ટ્રભાવનાને સદાય જાગૃત કરતા યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી બીજા એટલે અભાવોથી પીડાતા બાળકોને ઉત્તરાયણ પર્વની ખુશી આપી અને એ બાળકોની ખુશી જોઈને પોતે પણ આત્મીયતાથી ખુશી મહેસુસ કરવાના ભારતીય સંસ્કૃતિનો મૂળ મૂલ્યોને જીવંત રાખી આજે પણ ઉતરાયણની પૂર્વ સંધ્યાએ શહેરના ઝૂંપડ પટ્ટીના સામાન્ય વર્ગના બાળકોને પતંગ-દોરાનું વિતરણ કરી ''લૂંટવાનો નહિ લૂંટાવવાનો આનંદ'' મેળવાનો નહિ આપવાનો આનંદ આપીને ઉતરાયણના પર્વની સાચી ઉજવણીને દીપાવી હતી.

મોરબી યંગ ઇન્ડિયા ગ્રુપના મેન્ટોર





દેવેનભાઈ રબારીએ જણાવ્યું હતું કે, અગર ઘર સે મસ્જિદ હો બહુત દૂર, તો ક્યુ ના એસા કિયા જાયે કે એક રોતે હુવે બચ્ચે કો હસાયા જાયે ખુદાની સાચી બંદગી માત્ર મસ્જિદમાં કે મંદિરમાં જવાથી નથી થતી, કોઈ દુઃખી માણસની તકલીફને સમજી તેને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે અને તેનું દુઃખ દૂર કરવામાં આવે એમાં પણ ભગવાન અને ખુદા રાજી થાય છે. જનસેવા એજ સાચી પ્રભુ સેવા છે અને જેટલી થાય એટલી સેવા કરવી જોઈએ. આ ભાવનાને યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા હંમેશા સાર્થક કરવાનો પ્રયાશ કર્યો છે. એટલે જ આજે ઉતરાયણના આગલા દિવસે દાનધર્મના મહિમાને ચરિતાર્થ કરતા અને બાળભાષામાં કહું તો ''લૂંટવાનો નહિ લૂંટાવવાનો આનંદ'' મેળવાનો નહિ આપવાનો આનંદ આપી યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા ઉતરાયણ નિમિતે ઝુપડપટ્ટી અને પછાત વિસ્તારમાં નાના બાળકોને શુદ્ધ ઘીના બનાવટના અડદિયા અને મીઠાઈનું તથા પતંગ અને ફીરકી (દોરા)નું વિતરણ કરીને પૃથ્વી પરના ઈશ્વરને રાજી કરવાનો પ્રયાસ કર્યો છે.

# જામનગરના ધ્રોલ તાલુકાના લતીપુર ખાતે કેન્દ્ર સરકાર પુરસ્કૃત ૨૩ મોબાઈલ વેટરીનરી યુનિટનું લોકાર્પણ કરાયું






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ધ્રોલ તાલુકાના લતીપુર ગામેથી કેન્દ્ર સરકાર પુરસ્કૃત ૨૩ મોબાઈલ વેટરીનરી યુનિટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.રાજ્ય સરકારની.દસ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું. યોજનાના સફળ મોડલના આધારે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં હરતા-ફરતા પશુ દવાખાના માટે નવી યોજના અમલમાં મુકવામાં આવી છે. કેન્દ્ર સરકારની યોજના હેઠળ ગુજરાત રાજ્ય માટે ૧૨૭ મોબાઈલ વેટેરીનરી યુનિટ મંજૂર કરવામાં આવ્યા છે. તે પૈકી ૨૩ મોબાઈલ વેટેરીનરી યુનિટનું રાજ્યના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં લતીપુર ગૌશાળા ખાતેથી લીલી ઝંડી દર્શાવીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વેટરનરી યુનિટ જામનગર સહિત આસપાસના જિલ્લાઓમાં સેવા આપશે. ૧૯૬૨- આ ટોલ ફ્રી હેલ્પ લાઈન નંબર પર ફોન કરવાથી તાત્કાલિક પશુપાલકોને ઘર આંગણે જ પશુ ચિકિત્સા ઉપલબ્ધ કરાવવામાં આવશે.આ ઉપરાંત, જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર દ્વારા ગત વર્ષે તેમની સ્વ ભંડોળની ગ્રાન્ટમાંથી રૂ.૩.૭૦ લાખ પેવરબ્લોક અને રસ્તાના કામકાજ માટે મંજુર કરવામાં આવ્યા હતા. જે રસ્તો તૈયાર થઈ જતા કેબિનેટ મંત્રી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ નવનિર્મિત માર્ગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ સાંસદ પૂનમબેન માડમની ગ્રાન્ટમાંથી લતીપુર ગૌશાળામાં પાકો રસ્તો બનાવવા માટે રૂ.૫ લાખની ફાળવણીની જાહેરાત કરવામાં આવી હતી.કાર્યક્રમમાં પશુ ચિકિત્સકોની ટીમ અને ડ્રાઈવરને મોબાઈલ વેટેરીનરી યુનિટ માટેના વાહનની પ્રતિકાત્મક ચાવી અર્પણ કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારના દૂધસંઘોને માળખાકીય સુવિધા અપાવવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, મોરબી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ અને જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના કુલ રૂ. ૨૯.૮૭ કરોડના પ્રોજેક્ટ્સ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.૧૬.૮૯ કરોડની સહાય મંજૂર કરવામાં આવી હોવાનું કેબિનેટ મંત્રીએ જણાવ્યું હતું.

# જામનગર તાલુકાના જુના મોડા-નેવી મોડા ગામ વચ્ચે નવનિર્મિત સીસી રોડનું લોકાર્પણ કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. રાજયના કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌ સંવર્ધન, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જામનગર તાલુકાના જુના મોડા-નેવી મોડા ગામ વચ્ચે નવનિર્મિત સીસી રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ.૧૭૫ લાખના ખર્ચે ૩.૭૫ મીટર લંબાઈ ધરાવતા પાકા સી.સી.રોડનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમજ જુના મોડા અને નેવી મોડા ગામ વચ્ચે ૧૦ મીટરના ૬ ગાળાના માઈનોર બ્રિજનું કૃષિમંત્રીના હસ્તે ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. આ







માઈનોર બ્રિજ માટે રૂ.૧૫૦ લાખની ફાળવણી કરવામાં આવી છે.કાર્યક્રમમાં કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે,જુના મોડા અને નેવી મોડા ગામ વચ્ચે પાકા રસ્તાનું નિર્માણ થવાથી ચોમાસાની ઋતુમાં ગ્રામજનોને અવર-જવર કરવામાં સરળતા રહેશે. તેમજ માઈનોર બ્રીજનું નિર્માણ થવાથી આજુબાજુના ગામોમાં ગ્રામજનો જલ્દીથી પહોંચી શકશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના સુચારુ માર્ગદર્શન તળે જામનગર જિલ્લામાં અનેકવિધ વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા છે. તેમજ લોકપ્રશ્નોનો ઝડપથી ઉકેલ લાવવા માટે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર કાર્યરત છે. સૌની યોજના જેવી અત્યાધુનિક યોજનાના પગલે છેવાડાના ખેડૂત સુધી નર્મદાના નીર પહોંચ્યા છે.જુના મોડા, નેવી મોડા, ગંગાજળા અને રામનગર- આ ચાર ગ્રામ પંચાયતો દ્વારા સંયુક્તપણે આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરીને તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉક્ત કાર્યક્રમમાં, જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણાબેન ચભાડીયા, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર છૈયા, આગેવાન મુકુંદભાઈ સભાયા, ગિરિરાજસિંહ રાણા, અન્ય પદાધિકારીગણ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

# NQAS પ્રમાણપત્ર મેળવતું મોરબીનું સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

## દર્દીઓ માટેની સેવાઓ, સુલભ સાધન સામગ્રી, સંસ્થાની સ્વચ્છતા સહિતના માપદંડોમાં ખરૂ ઉતરતું સરવડ પી.એચ.સી.


**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબી જિલ્લો વિકાસપથ પર ઉત્તરોત્તર આગળ વધી રહ્યો છે. આરોગ્યની દ્રષ્ટિએ પણ આરોગ્ય વિભાગની સાથે વહિવટી તંત્ર દ્વારા સારી અને સુલભ સવલતો ઉપ્લબ્ધ કરાવવાના પ્રયાસો કરવામાં આવે છે. ત્યારે આરોગ્ય વિભાગની સિદ્ધિઓમાં એક નવું છોગું ઉમેરાયું છે. મોરબી જિલ્લામાં માળીયા તાલુકાના સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ગુણવત્તાની દ્રષ્ટીએ રાષ્ટ્રીયકક્ષાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવેલી જાહેરાત અંતર્ગત સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ગચઅજ - નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

ગુજરાત સરકાર રાજ્યના છેવાડાના નાગરિકોને આરોગ્ય સેવાઓ મળી રહે અને વધુમાં વધુ લોકો વિનામૂલ્યે આરોગ્ય સેવાઓનો લાભ લે અને પોતાના ખિસ્સામાંથી ખર્ચ ઘટાડી શકાય તે માટે સતત પ્રયત્નશીલ છે. વધુમાં આરોગ્ય સંસ્થાઓમાં અપાતી આ સેવાઓ ફક્ત વિનામૂલ્ય જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય કક્ષાના ધારાધોરણો મુજબ મળતી થાય તે માટે પણ સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે મોરબીમાં માળીયા તાલુકાનું સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દર્દીઓની સેવા માટે અને તેમને સારી આરોગ્ય સુવિધાઓ સુલભ કરાવવા સંપૂર્ણપણે કટિબદ્ધ અને પ્રયત્નશીલ છે.

આ આરોગ્ય સેવાઓની ગુણવત્તા આંતરરાષ્ટ્રીય કક્ષાની છે તેવો ટેગ હાલ સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને મળ્યો છે. તા. ૪ અને ૫ ઓગસ્ટ, ૨૦૨૩ એમ સતત બે દિવસ સુધી ભારત સરકારશ્રીની ઇન્સ્પેકશન ટીમ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સરવડની રૂબરૂ મુલાકાત લઈ ધારાધોરણો મુજબ ચકાસણી







કરવામાં આવી હતી. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઓપીડી, ઇન્ડોર, લેબોરેટરી, લેબર રૂમ, નેશનલ હેલ્થ પ્રોગ્રામ તેમજ જનરલ એડમિનિસ્ટ્રેશન જેવા કુલ છ વિભાગોના કુલ ૨૫૦ માપદંડોના ૧૩૬૪ મુદ્દાઓની ઝીણવટ ભરી તપાસ કરવામાં આવી હતી અને દર્દીઓને અપાતી સેવાઓ, ઉપલબ્ધ સાધન સામગ્રી, સંસ્થાની સ્વચ્છતા વગેરે જેવા માપદંડોમાં સરવડ ૮૯.૨૦% ગુણ સાથે ઇન્ટરનેશનલ લેવલની ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ આપતી આરોગ્ય સંસ્થાનું બહુમાન મેળવી સરવડ ગામનું અને મોરબી જિલ્લાનું નામ રોશન કરેલ છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સરવડ ૬ બેડ ધરાવતી સરકારી આરોગ્ય સંસ્થા છે જેમાં સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ ૧૭ લેબોરેટરી તપાસ, ટી.બી., મેલેરિયા, રક્તપિત જેવા વિવિધ રોગોની સારવાર, સગર્ભા સ્ત્રીઓ તથા બાળકોને વિવિધ રોગો વિરોધી રસીઓ અને આરોગ્ય સેવા આપવામાં આવી રહી છે. વધુમાં દર્દીઓને બેસવા માટેની વ્યવસ્થા વાહન પાર્કિંગની સુવિધા યોગ અને પ્રાણાયામ કરવા માટે ગાર્ડનની સુવિધા તેમજ વિવિધ રોગો મટાડવા માટે ઉપયોગી એવા હર્બલ ઔષધીય વૃક્ષો સાથેનું હર્બલ ગાર્ડન જેવી અનેક સુવિધાથી સરવડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સજ્જ છે. ભારત સરકારશ્રીના ગઇંજછઇ વિભાગ દ્વારા નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ કે જે ISQua ( ઇન્ટરનેશનલ સોસાયટી ફોર ક્વોલિટી ઇન હેલ્થ કેર) દ્વારા પણ પ્રમાણિત થયેલ છે. તેના ધારાધોરણો મુજબ જે તે આરોગ્ય સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લઈ અપાતી સેવાઓના કુલ ૨૫૦ માપદંડો અને ૧૩૬૪ મુદ્દાઓની ચકાસણી કરી અને તેમાં ૭૦% થી વધુ માર્કસ મેળવનાર આરોગ્ય સંસ્થાને જ આ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

આ આંતરરાષ્ટ્રીય કક્ષાનું સર્ટિફિકેટ મેળવવા માટે મોરબી જિલ્લા કલેક્ટર જી.ટી. પંડયા તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.ડી. જાડેજાના સતત માર્ગદર્શન અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. કવિતાબેન જે. દવે, જિલ્લા ક્વોલિટી એશ્યોરન્સ મેડિકલ ઓફિસરશ્રી ડો. હાર્દિક રંગપરીયા તેમજ તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો. ડી.જી. બાવરવાના પ્રોત્સાહન અને સતત મોનિટરિંગ થકી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરશ્રી ડો. નિરાલી ભાટિયા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ સ્ટાફના રાત-દિવસના અથાગ પ્રયત્નો, શ્રમ અને સમયદાન થકી આ ઇન્ટરનેશનલ લેવલનું સર્ટિફિકેટ મેળવીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સરવડએ આરોગ્ય ક્ષેત્રે એક અનેરી સફળતા હાંસલ કરેલ છે.


# જામનગરમાં તા.૧ થી ૩ માર્ચ અંબાણી પરિવારના આંગણે પ્રિવેડીંગ જલ્સો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં તા.૧ થી ૩ માર્ચ અંબાણી પરિવારના આંગણે પ્રિવેડીંગ જલ્સો.દેશના ટોચના ઉદ્યોગગૃહ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ પરિવારના આંગણે ફરી લગ્નોત્સવના પ્રસંગ આવી રહ્યા છે. આગામી તા. ૧ થી ૩ માર્ચ જામનગરમાં અંબાણી પરિવારના આંગણે મુકેશ અંબાણી અને નીતા અંબાણીના પુત્ર અનંત તથા રાધિકા મર્ચન્ટના પ્રિવેડીંગ કાર્યક્રમોની તડામાર તૈયારીઓ શરૂ થઇ છે અને વીવીઆઇપીના આગમન માટે અનેક વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી રહી છે.જુલાઇ માસમાં અનંત અને રાધિકા લગ્નગ્રંથીથી જોડાવાના છે. તે પૂર્વેના પ્રિવેડીંગ ફંકશનમાં મોટા જલ્સાના કાર્યક્રમો નકકી થયા છે. મુકેશ અંબાણી અને નીતા અંબાણીના હસ્ત લિખિત આમંત્રણ કાર્ડ નજીકના કુટુંબીજનો અને મિત્રોને મોકલવામાં આવ્યા છે. આમંત્રણ કાર્ડમાં કંપની અને અનંત અંબાણીના પરિચય અંકિત કરાયા છે.







૧૯૯૭માં દેશની સૌથી મોટી પેટ્રોલીયમ રીફાઇનરી રિલાયન્સ પેટ્રો સ્થાપવામાં આવી હતી.એક કરોડ વૃક્ષ વાવીને એશિયાનું સૌથી મોટુ મેંગો ફાર્મ વિકસાવવામાં આવ્યું છે. અનંત અંબાણી હજારો પ્રાણીઓની સંભાળ લે છે. જામનગરમાં અમારી ૨૫ વર્ષ જુની યાદો છે. રાધિકા અને અનંત અંબાણીના પ્રિવેડીંગના કાર્યક્રમો તા.૧ થી ૩ માર્ચ દરમ્યાન રિલાયન્સ ગ્રીન ખાતે ૧૦૦ એકર જગ્યામાં યોજાવાના છે. ૨૫૦૦ જેટલા મહેમાનો આવવાની ધારણા છે. ૧૭ ફલાઇટ દિલ્હી-મુંબઇ અને જામનગર વચ્ચે અવરજવર કરશે. ત્રણ વિદેશી ગાયકો દુઆ લીયા, બોલીવુડના અનેક કલાકારો, સીંગર, ક્રિકેટર પર આ કાર્યક્રમમાં હાજર રહેવાની ધારણા છે.દેશના ઘણા રાજકીય આગેવાનો પણ આ અવસરમાં સામેલ થશે. કાર્યક્રમોની તૈયારી માટે અત્યારથી જુદી જુદી ઇવેન્ટ મેનેજમેન્ટ કંપનીના મુંબઇથી આગમન થઇ ગયા છે. હોટલો બુક થઇ ગઇ છે. ખાનગી પ્લેન, ફોર વ્હીલર સહિતના સાધનો પણ ત્રણ દિવસ માટે બુક કરાવવામાં આવ્યા છે.જબરદસ્ત પ્રિવેડીંગ જલ્સા બાદ જુલાઇમાં અનંત અને રાધિકા લગ્નના તાંતણે બંધાશે. જામનગરમાં કંપનીની વીઆઇટી ટાઉનશીપમાં પરિવાર અને મહેમાનોને ઉતારાની વ્યવસ્થા કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે તા.૧૯-૧-૨૩ના રોજ અનંત અને રાધિકાની સગાઇ થઇ હતી. તે અગાઉ તા.૨૯-૧૨-૨૨ના રોજ નાથદ્વારામાં શ્રીનાથજી મંદિરમાં ગોળધાણા વિધિ કરવામાં આવી હતી.

# ઉત્સાહ અને ઉમંગ સાથે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના આકાશમાં પતંગની રંગોળી છવાઈ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં તા. ૧૪મી જાન્યુઆરીના રવિવારે મન ભરીને મકર સંક્રાંતિ પર્વની ઉજવણી કરી હતી. ધાર્મિક દ્રષ્ટિએ આજે પણ લોકો મકરસંક્રાંતિની ઉજવણી કરશે. રાજકોટમાં ગઈકાલે નાના બાળકોથી માંડીને મોટેરાએ ધાબા પર ચડી જઈને પતંગો ઉડાડીને આનંદ લૂંટ્યો હતો. 'એ કાપ્યો છે'ના નારા, ડી.જે.ના સૂરો વચ્ચે લોકોએ પતંગોત્સવની ઉજવણી અનેરા ઉમંગ સાથે કરી હતી. આઈટમો આરોગીને પતંગ ચડાવવાનો લ્હાવો લીધો હતો. ઉતરાયણ નિમિત્તે છેલ્લા બે દિવસથી સમગ્ર શહેરમાં ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. જેમાં ખાસ કરીને બજારોમાં પતંગ, ફિરકી-દોરા ઉપરાંત મુખોટા અને પીપૂડાના વિક્રેતાઓને ત્યાં નોંધપાત્ર ઘરાકી જોવા મળી હતી. વિવિધ આકાર, પ્રકારના પતંગોથી બજારો સુશોભિત થઈ હતી અને તમામ વેપારીઓને ત્યાં નોંધપાત્ર ઘરાકી જોવા મળી હતી. રવિવારે ઉતરાયણ પર્વ નિમિત્તે સવારથી પતંગરસીયાઓએ ધાબા પર તેમજ અગાસી પર પહોંચી ગયા હતા અને તેમના સાથી - મિત્રો વચ્ચે સાથે પતંગ ચગાવી ને આનંદ લૂંટ્યો હતો. ખાસ કરીને યુવા હૈયાઓએ આ પર્વને ઉમંગ, ઉત્સાહથી માણ્યો હતો. શહેરમાં મહદ અંશે બપોર બાદ ધાબા ઉપર નગરજનો ખૂબ મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા.

## બાલાજી દાદા તેમજ જલારામ બાપાને પતંગનો શણગાર



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગઈકાલે મકરસંક્રાતિના પવન પર્વ નિમિત્તે કરોડો લોકોના આસ્થાના પ્રતીક એવા કરણસિંહજી હાઈસ્કૂલમાં બિરાજતા બાલાજી દાદા તેમજ જલારામ બાપાને અવનવી પતંગનો શણગાર ભક્તજનો દ્વારા કરવામાં આવ્યો હતો ઉતરાયણ મહાપર્વ નિમિત્તે ગઈકાલ હજારો લોકોએ બાલાજી દાદા તેમજ જલારામ બાપાના ચરણોમાં સીસ ઝુકાવ્યુ હતું આ સાથે દાન દક્ષિણ આપીને પુણ્યનું ભાથું પણ બાંધ્યું હતું

## પતંગ ઉડાડવા સાથે બપોરે ઊંધિયાની મોજ માણતા શહેરીજનો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગઈકાલે લોકોએ ઉંધીયુ અને જલેબી આરોગી હતી. અગાસી પર 'જય શ્રી રામ'ના નારા લગાવતા જોવા મળ્યા હતા. એટલું જ નહિ ગઈકાલે પુણ્ય કમાવવાનો શ્રેષ્ઠ દિવસ હોવાથી જીવદયામાં ફાળો નોંધાવતા હતા. રાજકોટના વિવિધ વિસ્તારોમાં અનેકવિધ ગૌશાળા-પાંજરાપોળના મંડપો બાંધવામાં આવેલા ત્યાં લોકોએ રકમ લખાવીને પુણ્યનું ભાથુ બાંધ્યું હતું. કરૂણા એનીમલ હેલ્પલાઈનના કાર્યકરોએ પણ ઘવાયેલા પક્ષીઓની સારવાર કરીને જીવદયાનું પ્રેરક દ્રષ્ટાંત પુરૂ પાડેલ હતું. ગઈકાલે મંદિરો-ગુરૂકુળમાં લોકોએ વિધિવત ગાય માતાનું પૂજન કરીને શ્રધ્ધા દર્શાવી હતી. સાંજે આતશબાજી કરાઈ હતી. બપોરે સ્વાદ શોખીન નગરજનોએ ઊંધિયા-પુરીની મોજ માણી હતી. ધાબા પર પતંગ ઉડાવતા ચીકી, મમરાના લાડુ, બોર વિગેરેનો સ્વાદ પણ લોકોએ માણ્યો હતો. શહેરના તમામ ઊંધિયું વિક્રેતાઓને ત્યાં ઊંધિયાનો સ્ટોક બપોરે જ ખલાસ થઈ ગયો હતો.

## પડધરીના ખંઢેરી ગામે યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાતઃ અરેરાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરીના ખંઢેરી ખાતે રહેતા ૨૨ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરીવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. જ્યારે આ બનાવ '' મામલે પોલીસે આપઘાત પાછળનું કારણ જાણવા તજવીજ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ પડધરીના '' ખઢેરી ગામના હસમુખ ગોવિંદભાઈ ડાંગર - (ઉ.વ.૨૨) નામના યુવકે વ્હેલી સવારના પાંચ વાગ્યે પોતાના ઘરે રૂમમાં આડીમાં ચુંદડી બાંધી ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી બનાવ અંગે પરીવારજનોને જાણ થતાં તેને તાત્કાલીક સારવારમાં સીવીલ હોસ્પિટલે ખસેડાતા ફરજ પરંતુ ત્યાં તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો.બનાવ અંગેની જાણ પડધરી પોલીસને તેઓ દોડી આવ્યા હતા અને તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક યુવક કારખાનામાં મંજુરી કામ કરતો અને બે ભાઈમાં નાનો હતો.તેની એક વર્ષ પહેલાં રાજકોટની યુવકની સાથે સગાઈ થઈ હતી. અને એક વર્ષ બાદ તેમના લગ્ન હતા.જ્યારે લગ્ન પૂર્વે આત્મઘાતી પગલું ભરી લેતા પરિવાર શોકનું મોજુ ફરી વળ્યુ છે.

## મોરબી જીલ્લાના દરેક પાંજરાપોળ સ્ટોલની મુલાકાત લઈ લોકોને દાન આપવા આહવાન કરતા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા દ્વારા ઉત્તરાયણની પ્રેરણાદાયક ઉજવણી કરવામાં આવી છે. મોરબી જીલ્લાના દરેક પાંજરાપોળમાં દાન આપવા માટે ઉભા કરેલ સ્ટોલની મુલાકાત લઇ મોકળા મને મૂંગા પશુ-પક્ષીઓ માટે દાન આપવા મોરબીવાસીઓને અપીલ કરવામાં આવી હતી.




મોરબી નગર દરવાજા ચોક ખાતે શ્રી મોરબી પાંજરાપોળ દ્વારા ઉત્તરાયણના તહેવારમાં લોકો મૂંગા પશુ-પક્ષીઓ માટે દાન આપી શકે તે માટે સ્ટોલ ઉભો કરવામાં આવ્યો છે ત્યારે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા દ્વારા તે સ્ટોલની મુલાકાતે આવ્યા ત્યારે જણાવ્યું હતું કે મકરસંક્રાતિ તહેવાર પશુઓ માટેનો તહેવાર છે. આજના દિવસે પાંજરાપોળ અને ગૌશાળામાં દાન આપી લોકો પુણ્યનું ભાથું બાંધતા હોય છે. ત્યારે મોરબી જીલ્લાના જેટલા ગૌશાળા અને પાંજરાપોળ માટે જે કઈ કાર્ય કરવાનું હોય તે માટે અમે હર હંમેશ ઉભા હોઈએ છીએ.

ઉલ્લેખનીય છે કે શ્રી મોરબી પાંજરાપોળ ખાતે ૪૮૦૦ પશુ-પક્ષીઓ છે. જેમાં ગાય, ખુંટીયા તેમજ રખડતા દરેક પશુઓ તેમજ ઘાયલ પક્ષીઓનો પણ શ્રી મોરબી પાંજરાપોળમાં સમાવેશ થાય છે ત્યારે ધારાસભ્ય કાંતિભાઈ દ્વારા જણાવ્યું હતું કે શ્રી મોરબી પાંજરાપોળમાં દરેક પશુ-પક્ષીઓ માટે શેડની વ્યવસ્થા, નીરણની વ્યવસ્થા તથા તેના નિભાવ ખર્ચની તમામ વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. ત્યારે કાંતિભાઈ અમૃતિયા દ્વારા બધા સ્ટોલની મુલાકાત લઈને મોરબીવાસીઓને દાન આપવાની અપીલ કરી છે.

## હડમતીયા (બેડી) ગામે સામસામે બાઈક અથડાતા પત્નીની નજર સામે પતિનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર ગાંધી વસાહત સોસાયટીમાં રહેતો યુવાન પત્ની-પુત્ર સાથે બાઈક પર જતી વેળાએ હડમતીયા (બેડી) ગામે રોંગ સાઈડમાં આવતા બાઈકના ચાલકે અકસ્માત સર્જતા પત્ની નજર સામે જ પત્નુનં કરૂણ મોત નિપજયું હતું.

આ અંગેની માહિતી મુજબ મોરબી રોડ પર સીટી સ્ટેશન સામે ગાંધી વસાહત સોસાયટીમાં રહેતી વિભુતીબેન વસંતભાઈ પરમાર (ઉ.વ.૩૮) નામની અનુજાતિ મહિલાએ કુવાડવા રોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈ તા.૯-૧-૨૪ના રોજ તેના પતિ વસંતભાઈ પરમારના બાઈક નંબર જી.જે.૩ ઈ.કે. ૭૯૦માં તેના પુત્ર મીત સાથે બેસી ત્રિપલ સવારીમાં જતા હતા ત્યારે હડમતીયા (બેડી) ગામે પહોંચતા સામેથી એક અજાણ્યો શખ્સ રોંગ સાઈડમાં બા,ક ચલાવી આવતા તેના પતિના બાઈક સાથે ભટકાડી દેતા વસંતભાઈ પરમારને માથામાં ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડવામાં આવતા તેનું મોત નિપજયું હતું. બનાવના પગલે રોડ પોલીસના પીએસઆઈ જે.ડી. વસાવાએ ગુનો નોંધી અજાણ્યા બાઈક ચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે.

## ઉતરાણ પૂર્વે ચાઈનીઝ દોરી અને તુકકલનું વેચાણ કરતા વેપારી પર પોલીસની ઘોંસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એસઓજી પોલીસે પતંગ દોરાના ધંધાર્થીઓ ઉપર ઠેર-ઠેર દરોડા પાડયા હતા જેમા સદર બજારમાંથી ૪૦ તુક્કલ અને ભગવતીપરામાંથી ચાઈનીઝ દોરાના ૧૨ રીલ મળી આવતા બે વેપારીઓ સામે ગુનો નોંધી વિશેષ કાર્યવાહી હાથ ધરી છે.

સદર બજારમાં એસઓજીની ટીમે દરોડો પાડી અફઝલ રસિદભાઈ શેખ નામના યુવકને ઝડપી લઈ તેની પાસેથી ૪૦ ચાઈનીઝ તુક્કલ કબજે કર્યા હતા. જ્યારે બીજા દરોડામાં ભગવતીપરા મેઈન રોડ પર પતંગ દોરીનો ધંધો કરતો એઝાજ રફીકભાઈ અસીરીની દુકાનમાંથી ચાઈનીઝ દોરીના ૧૨ રીલ મળી આવતા પોલીસે બન્ને વેપારીઓ સામે ગુના નોંધી ૧૨૦૦ રૂપિયાની કિંમતના ૪૦ તુક્કલ અને ૩૬૦૦ રૂપિયાની કિંમતના ૧૨ ચાઈનીઝ રીલની દોરી કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## નવયુગ કોલેજના વિદ્યાર્થીઓએ મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે દાનનો મહિમા સાર્થક કર્યો



**મુખ્ય સમાચાર, મોરબી**

નવયુગ કોલેજ ના એમ.બી.એ, બી.એડ્, અને નર્સિંગ વિભાગના સ્ટુડન્ટ્સ દ્વારા મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે મોરબી શહેર અને આસપાસના ઝુપડપટ્ટી વિસ્તારના બાળકોને ચિક્કી, તલ અને મમરાના લાડુ જેવા શિયાળાના પોષણવર્ધક વસાણાનું વિતરણ તેમજ બી.એસ.સી ના સ્ટુડન્ટ્સએ બટાકાપૌંઆનો નાસ્તો કરાવ્યો હતો. તહેવારને અનુરૂપ બાળકોને મનપસંદ નાસ્તો મેળવીને બાળકો ખુશખુશાલ થઇ ગયા હતા.

આ આયોજન સંસ્થાના પ્રમુખશ્રી પી. ડી. કાંજીયાના માર્ગદર્શનથી કોલેજના હેડ સતીષ વોરા, સ્ટાફ અને સ્ટુડન્ટ્સએ જહેમત ઉઠાવીને સફળ બનાવ્યું હતું.

## ગોંડલના ભગવતપરામાં વકિલ પર હુમલો કરવાનો પ્રયાસ

### થાર ગાડી અને બાઈકમાં આવેલા અજાણ્યા શખ્સોનું કારસ્તાનઃ ઘર પાસે પાર્ક કરેલા વાહનોમાં તોડફોડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના ભગવતીપરામાં રહેતા વકિલના ઘરે થાર ગાડી અને બાઈકમાં આવેલા અજાણ્યા શખ્સોએ હુમલો કરવાનો પ્રયાસ કરી વાહનમાં તોડફોડ કરી નાસી જતા પોલીસમાં ફયિાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલના ભગવતપરામાં શેરી ૧૮/૨૭માં રહેતા અને વકિલાત કરતા દીનેશભાઈ પાલાભાઈ પાતર (ઉ.વ.૪૯) નામના પ્રૌઢએ ગોંડલ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે ઘરે હતા ત્યારે મહિન્દ્રા થાર ગાડી અને બા,ક પર આવેલા અજાણ્યા શખ્સો તેના ઘરે આવી ડેલો ખખડાવી વકિલને બહાર બોલાવી તેના પર હુમલો કરવાનો પ્રયાસ કરતા વકિલએ ડેલો બંધ કરી નાંખતા બહાર રોડ પર બેફામ ગાળો બોલી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ઘર પાસે પાર્ક કરેલા વાહનમાં તોડફોડ કરી નાસી ગયા હતા. બનાવ બાદ વ્યકિતએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા ગોંડલ સીટી પોલીસના પીએસઆઈ વી.કે. ડોડીયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## માઁ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ કરાશેઃ સહયોગ આપવા અપીલ



માઁ ફાઉન્ડેશન દ્વારા શિયાળાની હાડ થીજવતી ઠંડીમાં ઝુપડા કે ફુટપાથ પર સુતા લોકો માટે ધાબળા વિતરણ કરવાનું આયોજન ઘરાયું છે. આ કાર્યમાં માઁ ફાઉન્ડેશનના કર્મઠ કાર્યકરોની ટીમ સ્લમ વિસ્તારોમાં જઈ ધાબળાનું વિતરણ કરશે. આ કાર્યમાં સહયોગ આપવા શહેરીજનોને માઁ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ નયનાબેન ગોહેલ, ઉપપ્રમુખ નારાયણભાઈ બોળીયા, મંત્રી મનસુખભાઈ વિસપરા દ્વારા અનુરોધ કરાયો છે. એક ધાબળાની કિંમત રૂા.૧૩૦ છે તો શહેરીજનોએ યથાયોગ્ય સહયોગ આપવા ટ્રસ્ટ દ્વારા વિનંતી કરાઈ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ઓનલાઈન ફ્રોડનાં શિકાર બનેલા છ લોકોને પોલીસે રૂા.૩.૫૫ લાખ પરત અપાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકો સાથે નાણાકીય ફ્રોડ બાબતે બી ડીવીઝન પોલીસ સ્ટેશનની સાયબર ટીમ દ્વારા નીચે જણાવેલ અલગ-અલગ અરજદારોની સાયબર ફ્રોડથી ગુમાવેલ કુલ રકમ રૂા. ૬૬૬૦૦/- પરત અપાવવામાં આવેલ છે.

જેમાં અરજદાર અબ્બાસભાઇ ફકરૂદ્દીન વાડીવાલા નાઓને ઇન્સ્ટાગ્રામમાં ઓનલાઈન આઇડીમાં ઓનલાઇન એપ્લીકિશનની અજાણી લીંક કલીક કરતા તુરત જ ખાતા માથી ૨૧૦૦૦/- ઉપડી ગયેલ હતા જે પુરેપુરી રકમ રૂ.૨૧૦૦૦/- પુરેપુરી રકમ પરત કરાવેલ અરજદાર અલ્પેશભાઇ જીવરાજભાઈનાઓએ મરઘી ઉછેર માટે મરઘી ખરીદી કરવી હોય જેથી અરજદારને પોતાના વ્હોટસઅપમાં કનોલ નામના ગ્રુપમા અવાર નવાર અલગ અલગ મરઘીઓના ફોટા આવતા હોય જેમાં પોતે એક અજાણ્યા નંબરથી આવેલ ફોટા સીલેક્ટ કરીને મંગાવેલ જેનુ પેમેન્ટ એડવાન્સ રૂ.૧૫૦૦૦/- ચુકવ્યા બાદ એક અઠવાડીયા બાદ સામાવાળાનો સંપર્ક સાધતા કોઇ જવાબ આપતા ન હોય જેથી ફ્રોડ થયાની અરજી મળ્યા બાદ



પુરેપુરી રકમ પરત કરાવેલ.

અરજદાર વિપુલભાઈ ધરમશીભાઈ સગપરીયાનાઓના મિત્રનું ફેશબુક હેક થયેલ હોય જેથી ફેશબુક મેસેન્જરના માધ્યમથી વાતચીત દરમ્યાન પોતે હોસ્પીટલમા હોય અને તાત્કાલીક પૈસાની જરૂરીયાત હોય જેથી અરજદારે સામાવાળાને રૂ.૫૦૦૦/- ગુગલ પે મારફતે ચુકવી આપેલ જે પુરેપુરી રકમ અરજદારને પરત કરાવેલ. અરજદારશ્રી સાગરભાઇ જયંતીભાઈ કણસાગરાનાઓને HDFC ERGO ના કર્મચારીની ઓળખ આપી તમારી પોલીસી રીન્યુ થાય છે ક્રેડીટ કાર્ડમાં ઓફર છે અને સેમ પ્રીમીયમમા પોલીસી થઈ જશે એમ જણાવી ઇમેઇલ આઇડી પર એક લીંક મોકલેલ જેથી અરજદારને વિશ્વાસમા લઈ લીંક ક્લીક કરાવીને ક્રેડીટ કાર્ડની પ્રોસેસ કરાવીને ઓટીપી મેળવી લઇને રૂ.૧૨૬૭૭/- પોલીસીના ભરેલ અને રીન્યુઅલની પીડીએફ ઇમેઇલ મારફતે મોકલેલ ત્યારબાદ પોલીસીના હપ્તા ઊખઈ કનવર્ટ ન થતા અરજદારે ઇઉત્રઈ ઊછ્ાહ્ય મા કસ્ટમર કેરમાં વાત કરતા ફ્રોડ થયેલની અરજી કરેલ જેમા હોલ્ડ રહેલ રકમની નામદાર મારફતે કોર્ટ જે પુરેપુરી રકમ રૂ.૧૨૬૭૭/- પરત કરાવેલ.

અરજદાર વિશાલભાઇ વલ્લભભાઈ ને ટેક્સ મેસેજ આવેલ જેમા આવેલ લીંક કલીક કરતા તુરત જ ખાતામાંથી રૂ.૮૦૦૦/- ઉપડી ગયેલ હતા જે પુરેપુરી રકમ પરસ્ત કરાવેલ. અરજદાર જગદીશભાઇ ગોવિંદભાઇ સંચાણીનાઓની જાણ બહાર ખાતામાંથી રૂ.૨૭૦૦/- ઉપડી ગયેલ હતા જે રકમ પરત કરાવી બી.ડિવિઝન પોલીસે ઓનલાઈન ફ્રોડનો શિકાર બનેલાં અનેક લોકોને નાણાં પરત અપાવ્યા હતા.

# મધ્ય પ્રદેશથી હળવદ આવતી ખાનગી બસમાં મહિલા સાથે ડ્રાઈવર અને કલીનરે દુષ્કર્મ આચર્યુઃ ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મધ્યપ્રદેશથી ખાનગી ટ્રાવેલ્સની બસમાં હળવદ આવી રહેલી મહિલા ઉપર દાહોદ નજીક ચાલુ બસમાં બસ ચાલક અને ક્લીનરે દુષ્કર્મ ગુજારતા બંનેની ધરપકડ કરવામાં આવી છે. વધુમાં મળતી માહિતી મુજબ ગત તા.૮મી જાન્યુઆરીએ અમરદીપ ટ્રાવેલ્સની બસમાં બેસી એમપીના રાજગઢથી એક મહિલા મજૂરી માટે હળવદ આવી રહી હતી. ત્યારે મોડી રાતે બસ દાહોદના ગરબાડા ચોકડી નજીકથી પસાર થતી હતી ત્યારે અન્ય મુસાફરો સૂઈ રહ્યા હતા, અને બસના ડ્રાઈવર અને કંડક્ટરે મહિલાને



ધમકાવીને વારાફરતી તેના પર. દુષ્કર્મ આચર્યું હતુ. આ મામલે પીડિતાએ મોરબી પહોંચીને મહિલા હેલ્પલાઈન ૧૮૧ને જાણ કરતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. જે બાદ મોરબી પોલીસે ફરિયાદ નોંધીને તેને દાહોદ ટ્રાન્સફર કરી હતી. આ મામલે તપાસ કરીને દાહોદ પોલીસ દ્વારા મહિલા પર દુષ્કર્મ ગુજારનારા બન્ને આરોપીઓને ઝડપી પાડયા છે. પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓની ઓળખ ડ્રાઈવર ગણેશ ડામોર, કંડક્ટર આશિષ ભીલ તરીકે થઈ છે. હાલ તો પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમજ બસ કબ્જે કરીને કાર્યવાહી તેમજ ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

# ઉત્તરાયણ પર્વમાં પતંગનો દોરાથી ૩૨ લોકો ઘવાયાઃ સિવિલમાં સારવાર માટે લાંબી લાઈન લાગી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પતંગના દોરાને કારણે અનેક લોકો ઘવાયા હતા. સિવિલ હોસ્પિટલમાં ૩૨ લોકોને પતંગની દોરીથી ઈજા થઈ હોય જેના કારણે ઈમરજન્સી વોર્ડમાં સારવાર આપવામાં આવી હતી. ઉત્તરાણનું પર્વમાં વાહન લઈ રસ્તા પર નીકળેલાં લોકોને ગળા પર પતંગની દોરીના કારણે ગંભીર ઈજાઓ પહોંચી હોય સાંજ સુધી પોલીસ ચોપડે ૩૨થી વધુ લોકો પતંગની દોરીથી ઘવાયા હોવાનું નોંધાયું છે.



# રાધામીરા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ત્રીજા માળેથી નીચે પટકાતા યુવાનનું કરૂણ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ ચોકડી નજીક રાધામીરા ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ઓમ કારખાના નજીક ખોડિયાર હાર્ડવેર નામના કારખાનામાં કામ કરતો અને ત્યાં જ રહેતો મુળ નેપાળનો દિપેન્દ્ર તીરથરામ બોડીયા (ઉ.વ.૨૫) સાંજે સાતેક વાગ્યે તેના કારખાના નજીક નકલંક પ્રોવીઝન સ્ટોરવાળા મકાનના ત્રીજા માળે મિત્રો સાથે હતો ત્યારે પાળી પર બેઠો હોઇ બેલેન્સ ગુમાવતાં અકસ્માતે નીચે પટકાતાં ગંભીર



ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દીધો હતો.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના જીજ્ઞેશભાઇ મારૂ અને જયદિપભાઇ હુદડે કરતાં થોરાળા પોલીસ સ્ટેશનના પીએસઆઇ પી. એમ. રાઠવાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક બે બહેન અને પાંચ ભાઇમાં વચેટ હતો. તેને સંતાનમાં બે પુત્ર છે.

# ગેબનશાહપીરની દરગાહ પાસેથી યુવાનનું રિક્ષામાં અપહરણ કરી મારમાર્યો

## ગંજીવાડામાં શેરીમાંથી કેમ નીકળો છો ? તેમ કહી મહિલા સહિત ત્રણ લોકો પર સાત શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જંકશન રોડ પર ગેબનશાહપીરની દરગાહ પાસે ચાના ધંધાર્થીનું બે શખ્સો રિક્ષામાં અપહરણ કરી મારમારતા પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ પોપટપરામાં રહેતો અને ગેબનશાહપીરની દરગાહ પાસે ચાનો ધંધો કરતો ભુરાભાઈ નાથાભાઈ ઝાપડા નામના ભરવાડ યુવાને પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે ચાની કેબીન પર હતો ત્યારે મહેબુબ જુણેજા અને મિતેશ જાંગીયાણી ચા પીવા આવ્યા હતા અને ચા પીધા બાદ ચાના પૈસા નહિ આપતા તેનાભાઈ હીરાભાઈએ પૈસા આપવાનું કહેતા આ બંને શખ્સોએ મારામારી કરી મારી નાંખવાની ધમકી આપી હતી. રિક્ષા નંબર જી.જે.૩-બીએચ ૯૫૧૫માં હીરાભાઈનું અપહરણ કરી લઈ ગયા બાદ અવાવરૂ સ્થળે ધોકા વડે મારમારી માથામાં ઈજા કરી નાસી ગયા હતા. બનાવ બાદ યુવાને પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ બી.કે. ગોહિલને બે શખ્સો સાથે ગુનો નોંધી શોધખોળ આદરી છે.

જયારે અન્ય એક બનાવમાં ગંજીવાડામાં રહેતો રોહિત ગોરધનભાઈ વાલાણી નામના યુવાને થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં સામાવાળા ટીન્કો ગોવાણી, વિપુલ ઉર્ફે વાટકો, રવિ ભાવેશ ડાભી, વલ્લો વાલજી બાવળિયા, ઉદય ટીના ગોવાણી, પ્રકાશ ઉર્ફે પકો ગોવાણી, સહિત સાત શખ્સોના નામ આપ્યા છે.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગઈકાલે તે શેરીમાંથી નીકળતો હતો ત્યારે અહીંયા શેરીમાંથી કેફમ નીકળ્યો છો તેમ કહી ઉપરોકત સાત શખ્સોએ છરી, ધોકા, પાઈપ વડે હુમલો કરી મારમારતા અને છોડાવવા વચ્ચે પડતા મનસુખભાઈ તથા મીતલબેનને મારમારી ઈજા કરતા થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે પીએસઆઈ પી.એમ. રાઠવાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ટ્રાફિક અંગે જાગૃતતા લોકોમાં આવે તે માટે બાઈક રેલીનું આયોજન



**રાજકોટ શહેરમાં ટ્રાફિક પોલીસ અને શહેર પોલીસ દ્વારા આજે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે લીલીઝંડી આપી બાઈક રેલી શરૂ કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે આ એક મહિના સુધી લોકોમાં ટ્રાફિક અંગે જાગૃતતા આવે તે માટે વિવિધ સંસ્થાઓના સહયોગથી શાળા-કોલેજોમાં ટ્રાફિક અવેરનેશ અંગે કાર્યક્રમો પોલીસ દ્વારા યોજવામાં આવશે.**

# જસદણના ગઢડીયા ગામે યુવાન પર બે શખ્સોનો હીચકારો હુમલો

## ઉપલેટામાં પૈસાની લેતીદેતી મામલે યુવાન પર ધોકા, પાઈપથી છ શક્સોએ કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના ગઢડીયા (જસ) ગામે અને ઉપલેટામાં બે યુવાનો પર ધોકા પાઈપ વડે હુમલો થતા મારામારીથી ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ જસદણના ગઢડીયા (જસ) ગામે રહેતા ધારૂભાઈ રવજીભાઈ પરમાર (ઉ.વ.૬૫) નામના કોળીવૃધ્ધે જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે તેનો દીકરો ઘર પાસે હતો ત્યારે અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખી છગન જીણા ડેરવાળીયા અને અમીત રાજુ ડેરવાડીયાએ ધોકા વડે હુમલો કરી યુવાનને મારમારી માથામાં તથા શરીરે ગંભીર ઈજા કરી નાસી જતાં ફરિયાદ નોંધાવતા જસદણ પોલીસના હેડ કોન્સ્ટેબલ આર.ી. રઝીયાએ ગુનો નોંધી બંને શખ્સોની શોધખોળ આદરી છે.

જયારે અન્ય એક બનાવમાં ઉપલેટામાં આવેલ તાલુ એપાર્ટમેન્ટમાં રહેતો શાહનવાજ ઉર્ફે સામુડો સાતમભાઈ હીગોરા નામનો યુવાન ગઈકાલે ઉપલેટામાં ગાધાતાપરા વિસ્તારમાં હતો ત્યારે પૈસાની લેતી દેતી મામલે જાવીદ આમદ સંધાણી, મહેબુબ ઉર્ફે મેબલો આમદ, અલ્તાફ ઉર્ફે અમો મીયાણા, અબુ ઉર્ફે ડાકુ અજીત જામ, મામદ અલી સમા, રીયાઝ ઉર્ફે લાલા મુરઘી સહિત છ શખ્સોએ ધારીયા, કુહાડી, પાઈપ, ધોકા વડે હુમલો કરી હાથ=પગમાં ગંભીર ઈજા કરી નાસી જતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે પીએસઆઈ જે.એમ. પરમારએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં પીતરાઈ ભાઈ-ભાભીના ત્રાસથી કંટાળી યુવાનનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરમાં જુના પાંચપીપળા રોડ પર રહેતા યુવકે તેના પિતરાઈ ભાઈ-ભાભીનુ ત્રાસથી કંટાળી ઝેરી દવા ગટગટાવી લેતાં તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હોત.જ્યારે આ મામલે પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે,તેના પિતરાઈ ભાઈ-ભાભી યુવકના મકાન પર કબ્જો જમાવવા માગતા હતા જેથી કંટાળી તેને પગલું ભર્યા હોવાનું જાણવા મળતા પોલીસે ગુનો નોંધ્યો છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુરમાં જુના પાંચપીપળા રોડ પર જનતાનગરમાં રહેતાં સંજયભાઈ બાબુભાઈ મકવાણા (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મુકેશ ચુની મકવાણા અને તેની પત્ની ભાવિશાનું નામ આપી જણાવ્યું હતુ કે, તેમના વિરુધ્ધ જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ભાવિષા મકવાણાએ મકાન ખાલી કરવા બાબતની અરજી કરેલ હતી. છેલ્લા પાંચ દિવસથી મુકેશ મકવાણા તથા તેની પત્ની ભાવશા મકવાણા બંન્ને મકાન ખાલી કરી દો નહીંતર સારાવાટ રહેશે નહી તેમ કહીને મારી નાખાવાની ધમકી આપતા અને કહેતા હોય કે, હવે જીવતા રહેશો નહી કહી બંન્ને ગાળો આપતા અને અવારનવાર માનસીક ત્રાસ આપતા હતાં.તેઓએ ખરેખર આ મકાન વર્ષ ૨૦૨૧ માં બનાવીને રહેતા હોય અને તેમના પત્ની પાયલબેનના નામે મકાનની લોન ન થતા તેના કાકાના પુત્ર મુકેશની પત્ની ભાવીશાના નામની લોન કરાવેલ હતી. મકાનમાં તમામ પૈસાની રોકાણ ફરિયાદીએ કરેલ હોય છતા મકાન ખાલી કરી નાખવા માટે અવારનવાર ગાળો તથા ધમકી આપતા હોવાથી તેને કંટાળી આ પગલું ભર્યાનું જાણવા મળતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# સિક્યુરિટી એજન્સીઓના સંચાલકો સાથે પોલીસે બેઠક યોજી આવશ્યક સુચનાઓ આપી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની સુરક્ષા અને સલામતી જળવાઇ રહે તેમજ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ બનવા પામે નહી તે માટે રાજકોટ શહેર માં કામકરતી પ્રાઇવેટ સિક્યુરિટી એજન્સીઓના માલિક તથા તેમના સુપરવાઇઝર રાજકોટ શહેર એસ.ઓ.જી. ખાતે પોલીસ ઇન્સ્પેકટર જે.ડી.ઝાલા એસ.ઓ.જી.ની આગેવાનીમાં મિટીંગ બોલાવવામા આવેલી હતી જેમાં તમામ પ્રાઇવેટ સિક્યુરિટી એજન્સીઓ ને ''ધ પ્રાઇવેટ સિક્યુરિટી એજન્સી એકટ ૨૦૦૫ તથા ધ ગુજરાત પ્રાઇવેટ સિક્યુરિટી એજન્સી રૂલ્સ ૨૦૦૭'' ના નિયમ મુજબ વાકેફ કરવામા આવેલ. સિક્યુરિટી માં કામ કરતા સિક્યુરિટી ગાર્ડ ને પોતાની ફરજ ના સ્થળે યુનિફોર્મ વ્હીસલ, લાઠી, બેટરી સાથે રાત્રીના સમયે એલર્ટ રહેવા સુચનાઓ આપવા જણાવેલ. સિક્યુરિટી ગાર્ડ પણ નાઇટ માં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા માટે પોતાની ફરજની આજુબાજુના ૫૦૦ મીટર વિસ્તારમાં પણ ધ્યાન રાખી અને કંઇ શંકાસ્પદ જણાય તો પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી મદદરૂપ થવા જણાવેલ. સિક્યુરિટી ગાર્ડને નિયમ મુજબ ટ્રેનીંગ આપવી તેમજ સમયાંતરે તેમની શારિરીક ક્ષમતા ચકાસવા સુચનાઓ આપવામાં આવેલ તેમજ ગાર્ડની ગ.ઘ.ઈ. ચકાસી નોકરીએ રાખવા સુચનાઓ કરવામા આવી હતી.

# આઠ લાખની ઉઘરાણીમાં રૂા.૧૭ લાખની માંગણી કરતા મામલો બિચકયો

## પિતા-પુત્ર સામે વેપારીએ એરગન દેખાડી હુમલો કરતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મવડી પ્લોટમાં રહેતા વેપારીને ઉઘરાણી બાબતે ચાલતા વિવાદમાં સમાધાન માટે મળેલી મિટિંગમાં વેપારીને એરગન બતાવી પિતા પુત્રએ હુમલો થતાં આ મામલે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. ઉઘરાણીની બેઠક થયા બાદ હુમલાખોરે રૂ.૮ લાખના બદલે રૂ.૧૭ લાખની માંગણી કરતા મામલો ઉગ્ર બન્યો હતો.

આ અંગેની માહિતી મુજબ મવડી મેઈન રોડ બંસી પાર્ક શેરી નં.૦૨ રાધીકા કોમ્પલેક્ષ ફ્લેટ નં.૩૦૨ માં રહેતા અને ઝેરોક્ષ પેપરનો વેપાર કરતાં આશીષભાઈ જેન્તીભાઈ સરધારા(ઉ.વ.૩૫)એ જસવંતભાઈ અને તેના પુત્ર કિશન સામે ફરિયાદ નોંધાવી હતી. આશિષભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, જસવંતભાઈના પુત્ર કિશનને રૂ. ૮ લાખ દેવાના હોય જસંવતભાઈના પત્ની ઈલાબેન આશિષભાઈના ઘરે આવ્યા હતા અને ઉઘરાણી બાબતે વાતચીત કરી હતી. અને મવડી ચોકડીએ રૂપીયા લેવડ દેવડ બાબતે વાતચીત કરવા રૂબરૂ બોલાવ્યા હતા.બધા રામધણ પાસે આવેલ પાર્થ ગેરેજ ખાતે વાતચીત કરવા ગયા ત્યાં આશીષભાઈ જેન્તીભાઈ સરધારાએ જસવંતભાઈના દીકરા કીશનને રૂ.૮ લાખ આપવાના છે તે વાત કરી હતી ત્યારે જસવંતભાઈ રૂ.૧૭ લાખ આપવાની વાત કરી હતી.

આશીષભાઇ સરધારાએ રૂ.૮ લાખ દેવાના થાય છે તેમ કહેતા કિશને બોલાચાલી કરી પીસ્ટોલ જેવી એરગન કાઢી ત્યાં મૂકી અને નાણાં આજે જ આપવા પડશે તેમ કહી આશીષભાઈના નાક પર ઢીકો મારી દીધો હતો દેકારો થતાં લોકો એકઠા થઇ જતા આરોપીઓ ભાગી ગયા હતા. આ મામલે રાજકોટ તાલુકા પોલીસમાં પિતા-પુત્ર સામે ફરિયાદ નોંધવામાં આવતા ધરપકડ કરવા તજવીજ આદરી છે.

# ગાયનુ છાણ લેવા પ્રશ્ને ભરવાડ શખ્સે હોસ્ટેલ સંચાલકને ધમકી આપતા ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રંબા નજીક આર.કે. યુનિવર્સિટી પાછળ શ્રીમંદર પાર્ક પાસે આવેલા પ્લોટમાંથી ગાયનું છાણ લેવા બાબતે હોસ્ટેલના સંચાલકને પ્લોટ માલીકે ફોનમાં ધમકી આપતા ફરિયાદ થઇ છે.

આ અંગેની માહિતી મુજબ આર. કે. યુનિવર્સિટીની પાછળ શ્રીમંદર પાર્ક-૧ મોમાઇલ મુરલીધર બોયઝ હોસ્ટેલનું સંચાલન કરતા અને ત્યાંજ રહેતા પ્રવિણભાઇ હમીરભાઈ મકવાણાએ આજીડેમ પોલીસ મથકમાં શ્રીમંદર પાર્કમાં રહેતો મુળુ લઘરાભાઇ ભરવાડ સામે ફરિયાદ નોંધાવી છે. પ્રવિણભાઇએ ફરીયાદમાં જણાવ્યું વ્યું છે કે સોસાયટીમાં મૂળુ લઘુરાભાઇ ભરવાડનો એક પ્લોટ આવેલો છે. જે પ્લોટમાં થોડા દિવસ પહેલા તેણે ગાયો બાંધી હતી જે ગાયો હાલમાં લઇ ગયા છે અને તે ગાયોનું છાણતે પ્લોટમાં પડેલ હોય તે હોસ્ટેલમાં આંબાના ઝાડવા માં નાખવા માટે ચાર તગારા છણ લીધું હોય જે બાબતે મુળુ ભરવાડે ફોન ઉપર ગાળો આપી ધમકી આપી હતી.

# નાનામવા રોડ પર પ્રતીલોક પાર્ટી પ્લોટ પાસે નજીવી બાબતે યુવાન પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાના મવા ચોક પાસે આવેલા પ્રતીલોક પાર્ટીપ્લોટ પાસે એક્ટિવાને અડવા મામલે અંબિકા ટાઉનશીપના યુવકને ત્રણ શખ્સોએ બ્લોક વડે માર મારતાં તેને લોહી લુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.જ્યારે તેની ફરિયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગેની વિગતો મુજબ જીવરાજપાર્કમાં બિકા ટાઉનશીપમાં રહેતાં હાર્દી કસીંહ દિલીપસીંહ રાઠોડ (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ભોલો ઉર્ફે ભવદિપ અને તેના મિત્રોનું નામ આપી જણાવ્યું હતુ કે, તેઓ મજુરી કામ કરે છે અને ગઈકાલે રાત્રીના સવા અગિયારેક વાગ્યે નાના મોવા રોડ પ્રતીલોક પાર્ટીપ્લોટ પાસે હતો ત્યારે ત્યાં ડાંડીયા રાસના કલાસીસ ધરાવતા સમીરભાઇ તંતી તેમના મિત્ર હોય જેથી તેમની મસ્તી કરતો હતો ત્યારે ત્યાં પાર્ક કરેલુ એકટીવાને હલાવેલ હતુ તો તે એકટીવા વાળો ભોલા નામનો છોકરો જેનુ નામ ભવદિપ છે, તેને કહેલ કે, મારા એકટીવાને અડતો નહી કહીં બોલાચાલી કરવા લાગેલ ત્યારે સમીરભાઇએ વચ્ચે પડી સમાધાન કરાવેલ હતું. બાદમાં તેઓ રોડની સામેની બાજુ ચા પીવા ગયેલ ત્યારે થોડીવાર બાદ ભોલો તથા તેના ત્રણ મીત્રો કારમાં આવેલ અને મારામારી કરવા લાગેલ જેમા ભવિદપ પાસે છરી હતી તે લઈને મારવા જતા ફરિયાદીના મીત્ર સાગર પટેલ તથા વિજયસીંહ જાડેજાએ ખેંચી લીધેલ અને

ભવદિપ સાથેના બે શખ્સોએ રોડ ઉપર પડેલ બ્લોક પથ્થર લઇને માથામાં એક ઘા મારી દિધેલ હતો. જેથી તેને લોહી નીકળવા લાગેલ લાગતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો.જ્યારે આ ઘટના તાલુકા પોલીસે ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ પી.વી.જિલરીયા અને સ્ટાફે આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી.